અપીલ અરજી નં.૩૯૯ તા.૧૬–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અબ્દુલ સત્તાર માહમુદ શેખ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અબ્દુલ સત્તાર માહમુદ શેખની તા. ૫–૧૦–૧૧ની અરજીથી "વોર્ડ નં.૧૨,નોંધ નં.૨૬૫૯–૬૦ "સ્નેહ સાગર એપાર્ટમેન્ટ" ખાતે કાર્યરત દવાની દુકાનો/ગોડાઉનો સંદર્ભે વિગતવાર સવિસ્તાર માહિતી પુરી પાડવી"મુદ્દા નં.(૧) સદરહુ એપાર્ટમેન્ટમા બેઝમેન્ટ(ભોયરું) બનાવેલ છે તે કાયદેસર છે કે ગેરકાયદેસર ? વિ. મુદ્દા નં.(૧)થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૯/૨૦૧૧–૧૨

શ્રી અબ્દુલ સત્તાર માહમુદ શેખની તા. ૦૫–૧૦–૧૧ની અરજીથી "વોર્ડ નં.૧૨, નોંધ નં.૨૬૫૯–૬૦ "સ્નેહ સાગર એપાર્ટમેન્ટ" ખાતે કાર્યરત દવાની દુકાનો/ગોડાઉનો સંદર્ભે વિગતવાર સવિસ્તાર માહિતી પુરી પાડવી" મુદ્દા નં.(૧) સદરહુ એપાર્ટમેન્ટમા બેઝમેન્ટ(ભોયરું) બનાવેલ છે તે કાયદેસર છે કે ગેરકાયદેસર ? વિ.મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૨ તા.૨૩–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૦૫–૧૦–૧૧ ની અરજીથી "વોર્ડ નં.૧૨, નોંધ નં.૨૬૫૯–૬૦ "સ્નેહ સાગર એપાર્ટમેન્ટ" ખાતે કાર્યરત દવાની દુકાનો/ગોડાઉનો સંદર્ભેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રીતભાવ નહીં મળવાથી નારાજ થઈ તા.૧૬–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે કાયદાનું સરેઆમ ઉલ્લંઘન કરવાથી કસુરવાર કર્મચારી અને અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની રજૂઆત કરેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧)સદરહુ એપાર્ટમેન્ટમા બેઝમેન્ટ(ભોયરું) બનાવેલ છે તે કાયદેસર છે કે ગેરકાયદેસર? મુદ્દા નં.(૨) બેઝમેન્ટ ખાતે કાર્યરત ધંધાદારી એકમ મહાનગરપાલિકાના આકારણી ગુમાસ્તા અને વ્યવસાયવેરા ખાતે કઈ કેટેગરીમાં નોંધાયેલ છે? જે કેટેગરીમાં નોંધાયેલ છે તે કેટેગરીમાં જ તેનો ઉપયોગ થાય છે કે અન્ય કોઈ પ્રકારે તેનો ઉપયોગ કરવામાં આવે છે? મુદ્દા નં.(૩) આ ઠેકાણે કાર્યરત ધંધાદારી એકમના સંચાલકો ધ્વારા ગુમાસ્તાધારા વ્યવસાયવેરા અને આરોગ્ય ખાતાના જરૂરી પરવાનાઓ મેળવેલ છે ખરા? કયારે? વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનચલીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગ, સેકટર–૧૮, ગુજરાત રાજય ગાંધીનગરને હોઈ અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અબ્દુલ સત્તાર માહમુદ શેખ,